# રાજકોટ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિ.

"સભાસદ ભવન", ૧ મનહર પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨ ફોન નં. ૦૨૮૧-૨૪૮૦૯૪૨-૩-૪, ઈ-મેઈલઃ rpcbho@rpcbank.in

SYMBOL OF TRUST


Ref. : RPCB / CIR / 040 / 2023-24
Date : 16.10.2023

## તમામ શાખાઓને પરિપત્ર

**વિષય : જંગમ મિલ્કતો /સ્થાવર મિલ્કતોના દસ્તાવેજો રીલીઝ કરવા અંગે.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, RBI ના તા.૧૩.૦૯.૨૦૨૩ ના પરપિત્ર નં. RBI/2023-24/60 DOR.MCS.REC.38/01.01.001/2023-24 અન્વયે બોરોવર દ્વારા બેંકને ધિરાણ સામે સિક્યુરીટી તરીકે મોર્ટગેજમાં આપવામાં આવેલ જંગમ મિલ્કત અને સ્થાવર મિલક્તના ડોક્યુમેન્ટસ ધિરાણ ખાતાઓ ચુકતે થયેથી બોરોવરને પરત કરવા માટે RBI દ્વારા નીચે મુજબની માર્ગદર્શિકા આપવામાં આવેલી છે.

૧. બોરોવર દ્વારા ધિરાણ ખાતાની સંપૂર્ણ ચુકવણી થયેથી જંગમ મિલ્કત અથવા સ્થાવર મિલ્કતના ઓરીજનલ દસ્તાવેજો અને તેના પર કોઈ પણ રજીસ્ટ્રી(રજીસ્ટ્રાર ઓફિસ, રજીસ્ટ્રાર ઓફ ફર્મ/કંપની, મોર્ગેજ રજીસ્ટ્રેશન, વિગેરે)માં નોંધાયેલા ચાર્જીસ બેંક દ્વારા **૩૦ દિવસ** સુધીમાં રદ્દ કરવાના રહેશે.

૨. જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના ડોક્યુમેન્ટસ જે શાખામાં ધિરાણ ખાતુ ધરાવતા હતા તે શાખા પરથી અથવા તો જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના ડોક્યુમેન્ટસ બેંક દ્વારા જ્યા રાખવામાં આવેલા હોય ત્યાથી પરત મેળવવા માટે બેંક દ્વારા બોરોવરની ઈચ્છા મુજબ વિકલ્પ આપવાનો રહેશે.

૩. જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના દસ્તાવેજો પરત કરવા અંગેની ૩૦ દિવસની સમયમર્યાદા અને સ્થળનો ઉલ્લેખ બેંક દ્વારા **તા.૦૧.૧૨.૨૦૨૩** થી ઈસ્યુ કરવામાં આવનાર ધિરાણ મંજુરી પત્રમાં કરવાનો રહેશે.

૪. સિંગલ બોરોવર કે સંયુક્ત બોરોવર / તેમજ જામીનના આકસ્મિક મૃત્યુ થવાના કિસ્સામાં જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના ડોક્યુમેન્ટસ બોરોવરના કાયદેસરના વારસદારોને પરત કરવા માટે શાખા દ્વારા મૃત્યુ પામનારનો વારસાઈ આંબો મેળવીને તેના આધારે રીલીઝ ડીડ બનાવવાનું રહેશે અને રીલઝ ડીડમાં મૃત્યુ પામનારના કાયદેસરના વારસદારોની સહીઓ મેળવીને જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના ડોક્યુમેન્ટ્સ મૃત્યુ પામનાર બોરોવર/જામીનના કાયદેસરના વારસદારોને પરત કરવાના રહેશે.

P.T.O….

૫. બોરોવર દ્વારા ધિરાણની સંપૂર્ણ ચુકવણી થયેથી **<u>૩૦ દિવસ</u>** સુધીમાં જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના દસ્તાવેજો બોરોવરને પરત કરવામાં અથવા સ્થાવર મિલ્કત પરના ચાર્જ રજીસ્ટ્રી પાસેથી રદ્દ કરાવવા માટે બેંક નિષ્ફળ થવાના કિસ્સામાં વિલંબ થવાના કારણો બેંક દ્વારા બોરોવરને જણાવવાના રહેશે. વિલંબ માટે બેંક જવાબદાર હશે તો વિલંબીત સમય માટે દૈનિક ધોરણે રૂા.૫,૦૦૦/- મુજબ બેંક દ્વારા બોરોવરને ચુકવવાના રહેશે.

૬. જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના ડોક્યુમેન્ટસ ખોવાઈ જવાના કે અંશતઃ અથવા સંપૂર્ણ નુકશાન થવાના કિસ્સામાં ડોક્યુમેન્ટસની ડુપ્લીકેટ કે સર્ટીફાઈડ નકલો મેળવવા માટે બોરોવરને બેંક દ્વારા મદદ કરવાની રહેશે. આ ઉપરાંત ઉપરના મુદ્દા નંબર ૦૫ માં જણાવ્યા મુજબ વળતરની રકમ (દૈનિક રૂા.૫,૦૦૦) તેમજ ડોક્યુમેન્ટસની ડુપ્લીકેટ કે સર્ટીફાઈડ નકલો મેળવવા માટે થનાર ખર્ચની ચુકવણી બેંક દ્વારા કરવાની રહેશે. પરંતુ આવા કિસ્સામાં પ્રોસીઝર પૂર્ણ કરવા માટે બેંકને ૩૦ દિવસનો વધારાનો સમય મળવાપાત્ર રહેશે અને વિલંબીત સમયની પેનલ્ટી ત્યાર બાદ (કુલ ૬૦ દિવસ પછી) ગણવાની રહેશે.

૭. ઉપરોક્ત માર્ગદર્શીકા હેઠળ મળવાપાત્ર વળતર ઉપરાંત કોઈ પણ લાગુ કાયદા મુજબ અન્ય કોઈ પણ વળતર મેળવવા માટેના બોરોવરના અધિકારો પૂર્વગ્રહ વિનાના રહેશે.

૮. તા.૦૧.૧૨.૨૦૨૩ ના રોજ અથવા તે પછી જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના દસ્તાવેજો રીલીઝ કરવાના બાકી હોય એવા બધા જ કેસોમાં ઉપરોક્ત માર્ગદર્શીકા લાગુ પડશે.

ઉપરોક્ત માર્ગદર્શીકાને લક્ષમાં લઈને ધિરાણ ખાતાઓ બંધ થયેથી જંગમ મિલ્કત કે સ્થાવર મિલ્કતના ડોક્યુમેન્ટ્સ પરના રજીસ્ટર્ડ થયેલા ચાર્જ સત્વરે રદ્દ કરીને બોરોવરને સમય મર્યાદામાં ડોક્યુમેન્ટ્સ પરત કરવાની આથી સૂચના આપવામાં આવે છે.

**એમડી & સીઈઓ**